1. સૌથી વધુ ફીલ્મી ગીતો લખવા બદલ કયા ગીતકારને 'ગિનીઝ બુક'માં સ્થાન મળ્યું છે ?
   (A) સમીર અંજાન (B) શકીલ બદાયુની
   (C) ગુલઝાર (D) જાવેદ અખ્તર
   (E) Not Attempted
2. 'પર્યાવરણ' શબ્દની સાચી સંધિ જણાવો.
   (A) પર + આવરણ (B) પર્યા + વરણ
   (C) પરિ + આવરણ (D) પર્ય + આવરણ
   (E) Not Attempted
3. 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ' - આ પંક્તિને શું કહેશો ?
   (A) કવિતા (B) કહેવત
   (C) રૂઢિપ્રયોગ (D) વિચારવિસ્તાર
   (E) Not Attempted
4. વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ ગુજરાતનો સૌથી નાનો જિલ્લો કયો ?
   (A) નર્મદા (B) અરવલ્લી
   (C) ડાંગ (D) તાપી
   (E) Not Attempted
5. પ્રકાશવર્ષ શાનો એકમ છે ?
   (A) પ્રકાશની ગતિ (B) દ્રવ્ય
   (C) સમય (D) અંતર
   (E) Not Attempted
6. 'કરેંગે યા મરેંગે' - આ સૂત્ર સ્વાતંત્ર્ય સંગ્રામની કઈ લડતમાં ગુંજ્યું હતું ?
   (A) અસહકાર આંદોલન (B) દાંડી માર્ચ
   (C) હિંદ છોડો ચળવળ (D) સવિનય કાનુન ભંગ
   (E) Not Attempted
7. નીચેનામાંથી 'સૂર્ય' - નો વિરોધી શબ્દ જણાવો.
   (A) દિનેશ (B) મયંક
   (C) રવિ (D) ભાસ્કર
   (E) Not Attempted
8. 'ખમ્મા !' એ શબ્દનો અર્થ શો છે ?
   (A) ક્ષેમકુશળ રહો (B) સાવધાન રહો
   (C) અટકી જાઓ (D) થોભી જાઓ
   (E) Not Attempted
9. .............. he was reading, the bell rang.
   (A) till (B) what
   (C) when (D) while
   (E) Not Attempted

10. નીચેનામાંથી કયો શબ્દ 'પાવક' શબ્દનો સમાનાર્થી શબ્દ છે ?

(A) અગ્નિ
(B) પવન
(C) પાવન
(D) પવિત્ર
(E) Not Attempted

11. ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં કયો મેળો ભરાય છે, જેમાં માતાની માંડી પર શુદ્ધ ઘી ચઢાવવામાં આવે છે ?

(A) ગાય ગોહરીનો મેળો
(B) દૂધરેજનો મેળો
(C) ચિત્રવિચિત્રનો મેળો
(D) પલ્લીનો મેળો
(E) Not Attempted

12. Let's sing a song, ................ ?

(A) don't we
(B) are we
(C) shall we
(D) do we
(E) Not Attempted

13. યોગના કેટલા અંગો છે ?

(A) ચાર
(B) પાંચ
(C) છ
(D) આઠ
(E) Not Attempted

14. $\frac{1}{2}$ ના અડધાને કેટલા વડે ગુણતા 1 આવે ?

(A) $\frac{1}{4}$
(B) 4
(C) $\frac{1}{2}$
(D) 2
(E) Not Attempted

15. શરીરની આંતરિક રચનાનો અભ્યાસ કરતી જીવવિજ્ઞાનની શાખાને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) એક્સ-બાયોલોજી
(B) જીરોન્ટોલોજી
(C) એનાટોમી
(D) એનથ્રોપોલોજી
(E) Not Attempted

16. Find out correct spelling.

(A) academie
(B) acedemic
(C) academic
(D) acadamic
(E) Not Attempted

17. 'અસ્મિતા પર્વ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) જન્માષ્ટમી
(B) મહા શિવરાત્રી
(C) હનુમાન જયંતિ
(D) રામનવમી
(E) Not Attempted

18. પ્રત્યેક ચાર ક્રમિક ધન પૂર્ણાંકનો ગુણાકાર .............. વડે વિભાજ્ય છે.

(A) 24 (B) 32

(C) 16 (D) 48

(E) Not Attempted

19. ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ કવિ નરસિંહ મહેતા ઈ.સ.ની કઈ સદીમાં થઈ ગયા ?

(A) ચૌદમી (B) બારમી

(C) પંદરમી (D) સોળમી

(E) Not Attempted

20. 'ગુજરાત મોરી મોરી રે' કાવ્યના કવિ કોણ ?

(A) નાથાલાલ દવે (B) ઉમાશંકર જોષી

(C) સુન્દરમ્ (D) નર્મદ

(E) Not Attempted

21. 0.2 નો ઘન કેટલો થાય ?

(A) 0.008 (B) 0.08

(C) 0.04 (D) 0.8

(E) Not Attempted

22. ઊંટ કહે આ સભામાં વાંકા અંગવળા ભૂંડા, ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે. - આ પંક્તિનો છંદ ઓળખાવો.

(A) દોહરો (B) સવૈયા

(C) મનહર (D) ચોપાઈ

(E) Not Attempted

23. કયો સમ્રાટ ભારતનો નેપોલિયન તરીકે ઓળખાય છે ?

(A) વિક્રમાદિત્ય (B) સમુદ્રગુપ્ત

(C) ચન્દ્રગુપ્ત મૌર્ય (D) અશોક

(E) Not Attempted

24. 'મારાથી પત્ર લખાય છે' - આ વાક્યનું કર્તરી વાક્ય શોધીને લખો.

(A) હું પત્ર લખું છું. (B) મેં પત્ર લખાવ્યો.

(C) મારા વડે પત્ર લખાય છે. (D) મને પત્ર લખ્યો.

(E) Not Attempted

25. Both the women quarrelled with .............. .

(A) others (B) each other's

(C) one another (D) each other

(E) Not Attempted

26. વર્તુળના કેન્દ્રને વર્તુળના કોઈ પણ બિંદુ સાથે જોડતો રેખાખંડ .............. છે.

(A) રેખા (B) ત્રિજ્યા

(C) વ્યાસ (D) જીવા

(E) Not Attempted

27. 'હાટ' - તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો.

(A) હાથ
(B) બદલો
(C) બજાર
(D) સાથે
(E) Not Attempted

28. રવી પાકનું વાવેતર કયા માસ દરમ્યાન કરવામાં આવે છે ?

(A) ઓક્ટોબર - ડિસેમ્બર
(B) માર્ચ - એપ્રિલ
(C) જૂન - જુલાઈ
(D) સપ્ટેમ્બર - ઓક્ટોબર
(E) Not Attempted

29. સમગ્ર ભારતમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળતું ખનીજ તત્ત્વ કયું છે ?

(A) કેલ્સાઈટ
(B) ગ્રેફાઈટ
(C) જિપ્સમ
(D) અકીક
(E) Not Attempted

30. નીચેનામાંથી કયું કાવ્ય મીરાંબાઈનું નથી ?

(A) મેરે તો ગિરધર ગોપાલ
(B) મુખડાની માયા લાગી રે
(C) માધવ ક્યાંય નથી મધુવનમાં
(D) મને ચાકર રાખોજી
(E) Not Attempted

31. $(1)^{1000} - (1000)^0 =$ ...............

(A) 1000
(B) 999
(C) 0
(D) 1
(E) Not Attempted

32. 'શબ્દોમાં ન વર્ણવી શકાય તેવું' - શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો ?

(A) નિઃશબ્દ
(B) નિર્વચનીય
(C) અવર્ણનીય
(D) શબ્દાદીત
(E) Not Attempted

33. ગુજરાતની શાળાઓમાં 'મધ્યાહ્ન ભોજન યોજના' કયા મુખ્યમંત્રીએ દાખલ કરી હતી ?

(A) છબીલદાસ મહેતા
(B) માધવસિંહ સોલંકી
(C) અમરસિંહ ચૌધરી
(D) કેશુભાઈ પટેલ
(E) Not Attempted

34. $5^n$ નો અંતિમ અંક .............. છે.

(A) 2
(B) 4
(C) 0
(D) 5
(E) Not Attempted

35. નવા ઉદ્યોગ શરૂ કરનાર સાહસિકોને મદદ માટે ભારત સરકાર દ્વારા કયું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ?

(A) મેક ઇન ઇન્ડિયા
(B) સ્ટાન્ડર્ડ ઇન્ડિયા
(C) ડિજીટલ ઇન્ડિયા
(D) સ્ટાર્ટ અપ ઇન્ડિયા
(E) Not Attempted

36. ભારત-પાકિસ્તાન વચ્ચેની સરહદ રેખા કયા નામથી ઓળખાય છે ?

(A) કારગિલ રેખા
(B) રેડ ક્લિફ
(C) મેકમોહન
(D) ડુરેન્ડ રેખા
(E) Not Attempted

37. Rice ............... in Dehradun.

(A) grew
(B) is grown
(C) grow
(D) grows
(E) Not Attempted

38. કવિ પ્રિયકાન્ત મણિયાર કયા વ્યવસાય સાથે જોડાયેલા હતાં ?

(A) ખેતીના
(B) ચૂડી બનાવવાના
(C) કાપડ વણાટના
(D) પત્રકારત્વના
(E) Not Attempted

39. બે સંખ્યાઓનો ગુ.સા.અ. 8 છે અને તેમનો ગુણાકાર 384 છે, તો તેમનો લ.સા.અ. .............. છે.

(A) 48
(B) 16
(C) 24
(D) 42
(E) Not Attempted

40. 'ગુજરાત વિધાનસભા'નું નામ કયા મહાનુભાવના નામ પરથી રાખવામાં આવ્યું છે ?

(A) ઈન્દુલાલ યાજ્ઞિક
(B) છોટુભાઈ પુરાણી
(C) વિઠ્ઠલભાઈ પટેલ
(D) વલ્લભભાઈ પટેલ
(E) Not Attempted

41. ભારતનો અરૂણાચલ પ્રદેશ કયા દેશની સરહદ સાથે જોડાયેલ નથી ?

(A) ભૂટાન
(B) નેપાળ
(C) ચીન
(D) મ્યાનમાર
(E) Not Attempted

42. Don't write the answers .......... red ink.

(A) by
(B) from
(C) in
(D) with
(E) Not Attempted

43. ગુજરાત કોને 'ભગતબાપુ' તરીકે ઓળખે છે ?

(A) સ્વામી આનંદ
(B) દુલા ભાયા કાગ
(C) ભોજા ભગત
(D) મકરંદ દવે
(E) Not Attempted

44. કવિ ઉમાશંકર જોષીને કયા વર્ષમાં 'જ્ઞાનપીઠ પુરસ્કાર' મળ્યો હતો ?

(A) 1988
(B) 1978
(C) 1939
(D) 1968
(E) Not Attempted

45. ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા અને લોકભારતી, સણોસરા - જેવી ગ્રામલક્ષ્મી અને સર્વોદયલક્ષી કેળવણી માટેની સંસ્થાઓ કોણે સ્થાપી હતી ?

(A) નાનાભાઈ ભટ્ટ
(B) ઉદયરામ મહેતા
(C) મનુભાઈ પંચોળી
(D) ભુરાભાઈ પટેલ
(E) Not Attempted

46. 'રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ; નહીં તો ના બને આવું, કહી માતા ફરી રડી.' - પંક્તિ કલાપીના કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?

(A) એક ઘા
(B) એનાં એ ગામડાં
(C) હૃદય ત્રિપુટી
(D) ગ્રામમાતા
(E) Not Attempted

47. Choose the word which is the most similar meaning to the word "Chant"

(A) song
(B) verse
(C) pray
(D) recite
(E) Not Attempted

48. When he found the wallet his face glowed but soon it faded as the wallet was ..............

(A) stolen
(B) expensive
(C) empty
(D) recovered
(E) Not Attempted

49. ભારતીય બંધારણના આમુખનું પ્રારુપ કોણે તૈયાર કર્યુ હતું ?

(A) ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ
(B) નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ
(C) બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકર
(D) બંધારણીય સલાહકાર બી. એન. રાવ
(E) Not Attempted

50. કયા ગુજરાતી વકીલ લાલ કિલ્લાનો ઐતિહાસિક કેસ લડ્યા હતા ?

(A) એચ. એમ. પટેલ
(B) શાંતિલાલ ઝવેરી
(C) ભુલાભાઈ દેસાઈ
(D) સરદાર પટેલ
(E) Not Attempted

51. 'એકના બે ન થવું' - રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) કંઈ પણ ન બોલવું
(B) પોતાની વાતમાં મક્કમ રહેવું
(C) લગ્ન ન કરવાં
(D) હઠ પકડવી
(E) Not Attempted

52. 'માનવીની ભવાઈ'ના સર્જક કોણ છે ?

(A) મનુભાઈ પંચોળી
(B) ગોવર્ધનરામ ત્રિપાઠી
(C) પન્નાલાલ પટેલ
(D) જયંત ખત્રી
(E) Not Attempted

53. 'સોરઠનો શણગાર' લેખમાળાના સર્જક કોણ ?

(A) ભાણાભાઈ ગીડા
(B) નાનાભાઈ ભટ્ટ
(C) ઝવેરચંદ મેઘાણી
(D) શાહબુદિન રાઠોડ
(E) Not Attempted

54. ગુજરાત રાજ્યના પ્રથમ રાજ્યપાલ કોણ હતા ?

(A) શ્રી કલ્યાણજી મહેતા
(B) શ્રી માનસિંહજી રાણા
(C) શ્રી મહેંદી નવાઝ જંગ
(D) શ્રી નિત્યાનંદ કાનૂનગો
(E) Not Attempted

55. નીચેના ઉદાહરણોમાંથી શિખરિણી છંદની પંક્તિ શોધો.

(A) ઈન્દ્રપ્રસ્થ જેનો આજે વિચાર કરતા હતા
(B) ઊગે છે નભસૂર્ય ગાઢ જગના અંધાર સમા
(C) છતાંય દિલ ચહે તન યુવાનની તાજગી
(D) મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌન શિખરો
(E) Not Attempted

56. That was ........... worst experience of my life.

(A) the
(B) None
(C) an
(D) a
(E) Not Attempted

57. Raj's arrest was ........... the death of the young man.

(A) with a view to
(B) according to
(C) on account of
(D) due to
(E) Not Attempted

58. નીચેનામાંથી કયું શબ્દજૂથ શબ્દકોશનાં ક્રમમાં છે ?

(A) અબોલ, આબરૂ, આભ, ઓરસિયો
(B) આભ ઓરસિયો, અબોલ, આબરૂ
(C) ઓરસિયો, આભ, અબોલ, આબરૂ
(D) આબરૂ, આભ, ઓરસિયો, અબોલ
(E) Not Attempted

59. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?

(A) પરીસ્થિતિ
(B) પરીસ્થીતી
(C) પરિસ્થિતિ
(D) પરિસ્થિતી
(E) Not Attempted

60. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) અંજાર - જેસલ તોરલની સમાધિ
(B) અમરેલી - મહાત્મા મૂળદાસની સમાધિ
(C) જૂનાગઢ - દાસી જીવણની સમાધિ
(D) સતાધાર - આપા ગીગાની સમાધિ
(E) Not Attempted

61. ત્રણ ભિન્ન અસમરેખ બિંદુઓમાંથી .............. વર્તુળ/વર્તુળો પસાર થાય છે.

(A) ત્રણ
(B) અનંત
(C) શૂન્ય
(D) એક
(E) Not Attempted

62. NIFTY કયા શેરબજારનો સૂચકઆંક છે ?

(A) OCTEL
(B) ASE
(C) NSE
(D) BSE
(E) Not Attempted

63. અમરતકાકી - કઈ કૃતિનું પાત્ર છે ?

(A) લોહીની સગાઈ
(B) શરણાઈના સૂર
(C) જુમો ભિસ્તી
(D) જનમટીપ
(E) Not Attempted

64. કયા ક્રાંતિકારી દેશભક્ત ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષયના અધ્યાપક હતા ?

(A) શ્યામજી કૃષ્ણ વર્મા
(B) મોહનલાલ પંડ્યા
(C) વીર સાવરકર
(D) સરદારસિંહ રાણા
(E) Not Attempted

65. 'હાઈસ્કૂલમાં' ગાંધીજી રચિત કયા પ્રકારની સાહિત્યરચના છે ?

(A) આત્મકથા ખંડ
(B) પ્રવાસ વર્ણન
(C) જીવનચરિત્ર
(D) લલિતનિબંધ
(E) Not Attempted

66. 'નેશનલ ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશન'નું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) ભાવનગર
(B) આણંદ
(C) મહેસાણા
(D) સુરત
(E) Not Attempted

67. ડિસેમ્બર - 2016 માં તામિલનાડુ રાજ્યમાં આવેલ ચક્રવાત કયું ?

(A) ત્સુનામી
(B) કેટરિના
(C) કોમેન
(D) વરદા
(E) Not Attempted

68. Mr. Shah ............... ill for the last five days.

(A) was
(B) is
(C) has been
(D) has
(E) Not Attempted

69. 50 ગુણમાંથી 51 ગુણ મેળવવાની સંભાવના ............... છે.

(A) $\frac{1}{2}$
(B) $\frac{1}{4}$
(C) 0
(D) 1
(E) Not Attempted

70. ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને કયું બિરુદ આપ્યું હતું ?

(A) રાષ્ટ્રીય કવિ
(B) અગ્નિકુંડનું ગુલાબ
(C) રાષ્ટ્રીય શાયર
(D) સવાઈ ગુજરાતી
(E) Not Attempted

71. .................. is a well-known school in the whole district.

(A) ours
(B) ourselves
(C) our's
(D) our
(E) Not Attempted

72. Change the voice - 'Everyone must pay taxes.'

(A) Taxes must be paid to everyone
(B) Taxes must be paid by everyone
(C) Everyone must be pay taxes
(D) Everyone must be paid taxes
(E) Not Attempted

73. લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબેન ભીલને કયા વર્ષે પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતાં ?

(A) 2003
(B) 1990
(C) 1981
(D) 1998
(E) Not Attempted

74. 'અખબાર' શબ્દ મૂળ કઈ ભાષાનો શબ્દ છે ?

(A) હિન્દી
(B) સંસ્કૃત
(C) અરબી
(D) ઊર્દૂ
(E) Not Attempted

75. ભારતનો પ્રથમ નેરોગેજ રેલવે માર્ગ ક્યાં અને ક્યારે બાંધવામાં આવ્યો હતો ?

(A) ભરૂચ અને જંબુસર વચ્ચે ઇ.સ. 1853 માં
(B) અમદાવાદ અને સુરત વચ્ચે ઇ.સ. 1863 માં
(C) રાજપીપળા અને કોસંબા વચ્ચે ઇ.સ. 1872 માં
(D) ડભોઈ અને મીયાંગામ વચ્ચે ઇ.સ. 1862 માં
(E) Not Attempted

76. Don't enter the room .............. it is cleaned.

(A) until
(B) because
(C) and
(D) if
(E) Not Attempted

77. 64, 125, 216, 343, ..............

(A) 498
(B) 506
(C) 449
(D) 512
(E) Not Attempted

78. 'વા વાયા ને વાદળ ઉમટ્યા' - પંક્તિનો અંલકાર ઓળખાવો.

(A) યમક
(B) રૂપક
(C) ઉપમા
(D) વર્ણાનુપ્રાસ
(E) Not Attempted

79. જો + બરાબર ×, − બરાબર ÷, ÷ બરાબર + અને × બરાબર − હોય તો 20 ÷ 40 − 4 × 5 + 6 બરાબર કેટલા થાય ?

(A) 15
(B) 50
(C) 0
(D) –15
(E) Not Attempted

80. સોયદોરો - શબ્દનો સમાસ ઓળખાવો.

(A) દ્વન્દ્વ સમાસ
(B) બહુવ્રીહિ સમાસ
(C) તત્પુરુષ સમાસ
(D) કર્મધારય સમાસ
(E) Not Attempted

**81. Find out the opposite meaning of 'Latter'**

(A) first
(B) former
(C) final
(D) second
(E) Not Attempted

82. નીચેનામાંથી કયા યંત્રની શોધ ભારતીય વૈજ્ઞાનિક જગદીશ ચંદ્ર બોઝે કરી હતી ?

(A) ટ્રાન્સફોર્મર
(B) કેસ્કોગ્રાફ
(C) અભય દીવો
(D) થર્મોમીટર
(E) Not Attempted

83. સ્કેટિંગમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ અર્જુન એવોર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતી ખેલાડી કોણ હતા ?

(A) ચિંતન ભટ્ટ
(B) નમન પારેખ
(C) ચાંદની પટવા
(D) આલાપ ભટ્ટ
(E) Not Attempted

84. કવિ રમેશ પારેખનો જન્મ ક્યાં થયો હતો ?

(A) સુરત
(B) રાજકોટ
(C) ભાવનગર
(D) અમરેલી
(E) Not Attempted

85. સૌથી નાની વિભાજ્ય અને સૌથી નાની અવિભાજ્ય સંખ્યાઓના વર્ગનો સરવાળો કેટલો થાય ?

(A) 5
(B) 25
(C) 10
(D) 20
(E) Not Attempted

86. ગાંધીજીને 'બાપુ'નું બિરૂદ કયા સત્યાગ્રહ દરમ્યાન મળ્યું હતું ?

(A) ચંપારણ સત્યાગ્રહ
(B) બારડોલી સત્યાગ્રહ
(C) ધરાસણા સત્યાગ્રહ
(D) દાંડી સત્યાગ્રહ
(E) Not Attempted

87. ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ જે ઉત્તરાખંડમાં આવેલું છે, તેનું નામ શું ?

(A) નંદાદેવી
(B) ગોવિંદ
(C) ગંગોત્રી
(D) જીમ કોર્બેટ
(E) Not Attempted

88. ભારત સરકારના 'માનવ સંસાધન મંત્રાલય'ના કેબીનેટ મંત્રી કોણ છે ?

(A) પ્રકાશ જાવડેકર
(B) રવિ શંકર પ્રસાદ
(C) સ્મૃતિ ઈરાની
(D) ડૉ. હર્ષવર્ધન
(E) Not Attempted

89. ભારતની કઈ મહિલા જિમ્નાસ્ટે રિયો ઓલિમ્પિકમાં ક્વોલિફાઈ થઈ ઈતિહાસ રચ્યો હતો ?

(A) પી. વી. સિંધુ
(B) અરૂણિમા
(C) દિપા કરમાકર
(D) સાક્ષી મલેક
(E) Not Attempted

90. વિરોધી અર્થ ધરાવતી કહેવતોની સાચી જોડ શોધો.

(1) પારકી આશ સદા નિરાશ — (P) માગ્યા વિના માય ન પીરસે
(2) શ્રમ વિના પ્રારબ્ધ પાંગળું — (Q) સગા બાપનોય વિશ્વાસ ન કરાય
(3) માગ્યા કરતા મરવું ભલું — (R) વાડ વગર વેલો ન ચઢે
(4) વિશ્વાસે વહાણ ચાલે — (S) નસીબ ચાર ડગલાં આગળ

(A) 1 - S, 2 - Q, 3 - P, 4 - R
(B) 1 - Q, 2 - R, 3 - S, 4 - P
(C) 1 - S, 2 - R, 3 - P, 4 - Q
(D) 1 - R, 2 - S, 3 - P, 4 - Q
(E) Not Attempted

91. 'સોનેટ' - કાવ્યપ્રકારમાં કેટલી કાવ્યપંક્તિ હોય છે ?

(A) 24
(B) 14
(C) 12
(D) 15
(E) Not Attempted

92. 'ગોપાળબાપા' પ્રકરણ કઈ નવલકથામાંથી લેવામાં આવ્યું છે ?

(A) ઝેર તો પીધાં છે જાણી જાણી - ભાગ - 1
(B) કુરુક્ષેત્ર
(C) સોક્રેટિસ
(D) દીપ નિર્વાણ
(E) Not Attempted

93. રાહીનું સ્થાન વર્ગમાં ઉપરથી 16 મું અને નીચેથી 24 મું છે, તો વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે ?

(A) 41
(B) 39
(C) 40
(D) 38
(E) Not Attempted

94. ધૂમકેતુની વાર્તાનો જુમો કયા ગામમાં રહેતો હતો ?

(A) વીરપુર
(B) પાલણપુર
(C) ફતેહપુર
(D) આણંદપુર
(E) Not Attempted

95. IPL-9 માં કઈ ટીમ ચેમ્પીયન બની હતી ?

(A) મુંબઈ ઈન્ડિયન્સ
(B) કોલકોત્તા નાઈટ રાઈડર્સ
(C) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
(D) સનરાઈઝર્સ હૈદરાબાદ
(E) Not Attempted

96. ભારતીય રીઝર્વ બેંક સાથે મળીને સહકારી બેંકો અને ક્ષેત્રીય ગ્રામીણ બેંકોની દેખરેખનું કાર્ય કોણ કરે છે ?

(A) નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ - NABARD

(B) ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા - IDBI

(C) એગ્રીકલ્ચર રિફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન - ARDC

(D) રૂરલ પ્લાનીંગ એન્ડ ક્રેડિટ સેલ - RPCC

(E) Not Attempted

97. $\frac{18}{5^3}$ ને દશાંશ ચિહ્ન પછી .............. અંકો છે.

(A) 3 (B) 2

(C) 5 (D) 4

(E) Not Attempted

98. ચાર ભિન્ન અસમરેખ બિંદુઓ વડે વધુમાં વધુ કેટલી ભિન્ન રેખાઓ નિશ્ચિત થાય ?

(A) છ (B) ત્રણ

(C) બે (D) ચાર

(E) Not Attempted

99. 'ઉશનસ્' કોનું ઉપનામ છે ?

(A) ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી (B) નટવરલાલ કુબેરદાસ પંડ્યા

(C) મણિશંકર રત્નજી ભટ્ટ (D) રતિલાલ રૂપાવાળા

(E) Not Attempted

100. 'રાવણનું મિથ્યાભિમાન' - કથાકાવ્યના રચયિતા કોણ છે ?

(A) નાનાલાલ (B) શામળ

(C) પ્રેમાનંદ (D) ગિરધર

(E) Not Attempted

• • •

રોજ બરોજના કરંટ અફેર ભરતી
જાહેરાત / વિવિધ સ્ટડી મટિરિયલ
તેમજ જોબ અપડેટસ માટેના
ગુજરાતના સૌથી મોટા પ્લેટફોર્મમા
જોડાવ્વા નીચેની લિંક પર ક્લિક કરો.

અહી ક્લિક કરો